આકાશવાણી ભુજ

સમાચાર વાચક : નેહલ ઠક્કર

ડીઇઓ : પ્રદીપ ચાવડા

તારીખ : **10-07-2024** સમય : સાંજે **6.25** વાગ્યે

---

## રાજ્ય-વરસાદ

રાજ્યમાં આજે વરસાદનું જોર ઘટ્યું છે. સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર, ગાંધીનગરની યાદી પ્રમાણે, સૌરાષ્ટ્ર ઝોનમાં મોસમનો સૌથી વધુ ૩૪.૯૪ ટકા વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત કચ્છ ઝોનમાં મોસમનો કુલ ૩૪.૮૫ ટકા, દક્ષિણ ગુજરાતમાં ૨૭.૨૧ ટકા, ઉત્તર ગુજરાતમાં ૧૭.૭૫ ટકા અને પૂર્વ-મધ્ય ગુજરાતમાં સૌથી ઓછો ૧૬.૩૨ ટકા વરસાદ થયો છે. રાજ્યના આશરે ૩૨ જેટલા તાલુકામાં એક ઈંચથી વધુ અને ૧૦૪ તાલુકામાં એક ઈંચથી ઓછો વરસાદ નોંધાયો છે.

**RNU અમદાવાદ**

---

## કચ્છ-વ્હાલી દીકરી યોજના

ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા વર્ષ 2019માં વ્હાલી દીકરી યોજના બહાર પાડવામાં આવી છે. દીકરીઓનું જન્મપ્રમાણ વધે, દીકરીઓને શિક્ષણમાં પ્રોત્સાહન મળે અને દીકરીઓનું સમાજમાં સર્વાંગી સશક્તિકરણ થાય તે ઉદેશ્ય સાથે શરૂ કરાયેલી આ યોજનામાં દીકરીઓને એક લાખ 10 હજાર રૂપિયાની સહાય આપવામાં આવે છે. જિલ્લા મહિલા અને બાળ અધિકારી અવની રાવલે આ યોજના અંગે વધુ માહિતી આપતા આ પ્રમાણે જણાવ્યું હતું.

બાઇટ : અવની રાવલ

પરેશ મારૂ

-----------------------------------------------------------------------

## ભુજ-પ્રેરણા પ્રવાસન

પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજનાના વોટર શેડ કમ્પોનન્ટ અંતર્ગત જિલ્લા જળસ્ત્રાવ વિકાસ એકમ ભુજ કચ્છ પ્રેરિત પ્રેરણા પ્રવાસને જિલ્લા વિકાસ અધિકારી  એસ.કે. પ્રજાપતિ સહિત મહાનુભાવોએ ગઇકાલે લીલીઝંડી આપીને પ્રસ્થાન કરાવ્યું હતું. આ કુલ ચાર દિવસના પ્રવાસ દરમિયાન બનાસકાંઠા, પાટણ અને મહેસાણા એમ ત્રણ જિલ્લામાં કચ્છ જિલ્લામાંથી પ્રથમ ટ્રીપમાં નખત્રાણા તાલુકાના સાંગાનારા, સાયરા અને ગાંગોણ ગામનાં લાભાર્થીઓ અન્ય જિલ્લામાં થયેલ કામો વિશે ખેડૂતની

મુલાકાત કરશે. જિલ્લામાં ખેડૂતો પોતાના ગામોમાં કામો થાય તે માટેના પ્રયાસો કરે તે હેતુથી આ પ્રવાસનું આયોજન જિલ્લા જળસ્ત્રાવ એકમ ભુજ દ્વારા કરવામાં આવ્યું છે.

પરેશ મારૂ

---

## અદાણી-બાળરોગ વિભાગ

જી.કે.જનરલ અદાણી હોસ્પિટલમાં ગેઇમ્સ અંતર્ગત બાળરોગ વિભાગ દ્વારા નવજાત શીશુમાં જોવા મળતા ચેપની સામે સજ્જડ સુરક્ષા કવચ પૂરું પાડવાના ઉપાયો અને સારવાર માટે આયોજિત કોન્ફરન્સમાં રાજ્ય સ્તરના પીડિયા તજજ્ઞોએ માર્ગદર્શન આપ્યું હતું. કચ્છના બાળરોગ નિષ્ણાતો ઉપસ્થિત રહ્યા હતા. ગેઈમ્સના મેડિકલ ડાયરેક્ટરે વર્તમાન સમયમાં આવા આયોજનનો હેતુ તબીબોના જ્ઞાનમાં વૃદ્ધિ કરી સારવાર વધુ સઘન બનાવવાનો છે એમ જણાવ્યું હતું.

અદાણી મેલ

---

## ભુજ રખડતા ઢોરની સમસ્યા

જિલ્લાના મુખ્યમથક ભુજ શહેરના વિવિધ વિસ્તારોમાં રખડતા ઢોરના કારણે નાના-મોટા અકસ્માતો સર્જાતા રહે છે. રખડતા આખલાઓ રાહદારીઓ અને વાહન ચાલકોને હડકેટે લેતા હોય છે. શહેરને રખડતા ઢોરની સમસ્યાથી મુક્તિ અપાવવા નગરપાલિકા દ્વારા દુર્ઘટના ન બને તે માટે સુધરાઈ તંત્ર દ્વારા ખાસ ઝુબેશ હાથ ધરાશે.

રાજ્ય સરકાર દ્વારા શહેરી વિસ્તારમાં રખડતા ઢોરોની સમસ્યાના ઉકેલ માટે ખાસ નિયમો બનાવવામાં આવ્યા છે. સુધરાઈ દ્વારા તેની વારંવાર જાહેરાત કરવા છતાં પશુમાલિકો પોતાના ઢોરને શહેરમાં છુટા મુકી દેતા હોઇ ઢોરને રખડતા મુકનાર પશુમાલિકો પાસેથી દંડની વસૂલાત કરી ફરિયાદ દાખલ કરવામાં આવશે તેવું જાણવા મળેલ છે.

**N.P. નેહલ ઠક્કર**

-----------------------------------------------------------------

## ભુજ-NDRF ની પરીક્ષા દ્વારા સાધન પરિક્ષણ

ભુજ શહેરના હમીરસર તળાવમાં નવા નીરની આવક થઈ છે. ચોમાસાની સિઝન દરમિયાન કોઈ દુર્ઘટના બને કે અતિવૃષ્ટિ થાય તો બચાવકાર્ય માટે એનડીઆરએફની ટીમ તૈનાત રહેતી હોય છે. ભુજના હમીરસર તળાવમાં એનડીઆરએફની ટીમ ઈન્સ્પેક્ટર શ્રી પરીખના માર્ગદર્શન હેઠળ બચાવ સાધનોનું પરીક્ષણ કર્યું હતું. જેમાં અંડર વોટર કેમેરા સહિતના સાધનોન પરિક્ષણ કરાયું હતું.

N.P. નેહલ ઠક્કર

---

## અબડાસા-ખેડૂતોમાં ખૂશીનો માહોલ

કચ્છમાં હાલ વરસાદની ઋતુ ચાલુ રહી છે ત્યારે અબડાસા તાલુકાના ગરડા પંથકમાં સમયસર વરસાદની પધરામણીથી ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. પંથકના વાયોર, ઉકીર, વાગોઠ જેવા ગામોના ખેડૂતો વાવણી કાર્યમાં લાગી ગયા છે. આ વિસ્તારમાં મોટા ભાગે મગફળીનું વાવેતર કરાય છે. આ સિવાય તલી, એરંડા, કપાસ, મગ, મઠ, ગુવાર, જુવાર સહિતના પાકો પણ લેવાય છે. સમયસર વરસાદના પગલે ખેડૂતોમાં ઉત્સાહનો માહોલ છે.

પરેશ મારૂ

---